શેરબજારમાં લાખોનું દેવું થતાં પૂણાગામના યુવકનો આપઘાત

સુરત: શહેરના પૂણાગામ ખાતે આવેલી શંકરનગર સોસાયટીમાં રહેતો 27 વર્ષીય રહીલ વિપુલભાઈ પંચાલ મૂળ અમરેલી જિલ્લાનો વતની હતો. રહીલ શેરબજારનું કામ કરતો હતો. પરંતુ તેને શેરબજારમાં લાખો રૂપિયા ડૂબી જતા માથે દેવું થયું હતું. દેવુ થવાથી અને કામકાજમાં મંદી હોવાથી પત્ની સાથે પણ તેનો ઝઘડો થતો હતો. અવાર નવારના ઝઘડાઓથી રિસાઈને પત્ની પણ પિયરમાં જતી રહી હતી. રવિવારે રાત્રે રહીલે ઘરે લોખંડના હુક સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. પ્રાથમિક તપાસમાં રહીલે શેર બજારમાં માથે દેવું થઈ જતા ટેન્શનમાં આવી આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

કતારગામમાં ગૃહકંકાસથી કંટાળી યુવાનનો આપઘાત

સુરત: મૂળ મહારાષ્ટ્ર હીંગોલીના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલા સોના એપાર્ટમેન્ટમાં રહેતા 37 વર્ષીય ગજાનંદ મહાદેવ કાવરખે કલરકામ કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. તેમને સંતાનમાં બે પુત્રી છે. ગજાનંદને નશો કરવાની કુટેવ હતી. ગઇકાલે સાંજે ગજાનંદે ઘરે રસોડામાં લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ગજાનંદે ગૃહ કંકાસમાં આપઘાતનું પગલું ભરી લીધું હોવાનું બહાર આવ્યું હતું.

હત્યા કેસમાં આરોપી જામીન મુક્ત

સુરત: સચિન પોલીસ સ્ટેશને નોંધાયેલાં હત્યા કેસનો આરોપી રાજિક રસિદ કુરેશી (ઉન પાટિયા)ના સેશન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. આરોપીએ જામીન પર છૂટવા માટે એડવોકેટ રિદ્ધિશ મોદી અને મુકુંદ રામાણી મારફતે કોર્ટમાં અરજી કરી હતી. બચાવ પક્ષે આ કેસમાં એક આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં હોય પેરિટીનો લાભ આપવા રજૂઆત કરી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

પાલના રાજ આર્કેડમાં 'રૂપા ફેમિલી સલૂન'ની આડમાં ચાલતું કુટણખાનું

4 મહિલાનો છૂટકારો, મહિલા સંચાલિકા - 3 ગ્રાહક ઝડપાયા, દલાલ વોન્ટેડ

સુરત: ક્રાઈમ બ્રાંચના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ સેલે પાલ વિસ્તારમાં આવેલા 'રાજ આર્કેડ'ના બીજા માળે દુકાન નંબર ૧૦૮માં 'રૂપા ફેમિલી સલૂન' નામના મસાજ પાર્લરમાં ગુપ્ત દરોડો પાડી દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પાલ રાજ વિક્ટોરીયા સામે આવેલા રાજ આર્કેડ સ્થિત રૂપા ફેમિલી સલૂનમાં મહિલાઓને રાખી દેહવ્યાપાર ચલાવાતો હોવાની પોલીસને બાતમી મળી હતી. પોલીસે તાત્કાલિક બે પંચને સાથે રાખી દરોડાનું આયોજન કર્યું હતું. દુકાનમાં પ્રવેશતા જ કાઉન્ટર પર બેઠેલી મહિલા સંચાલક રૂપાલી પવન જોગેન્દ્રનાથ બિસ્વાલ (ઉ.વ.૪૫, રહે., રાજ આર્કેડ, પાલ, મૂળ નોદિયા, પશ્ચિમ બંગાળ) મળી આવી હતી. તપાસ દરમિયાન અંદરના સોફા અને રૂમમાંથી પશ્ચિમ બંગાળ મૂળની ૪ પીડિત મહિલા મળી આવી હતી, જેમને સુરતના અલગ-અલગ વિસ્તારમાં રાખવામાં આવી હતી. સંચાલક રૂપાલી ગ્રાહકો પાસેથી રૂ. ૧૦૦૦ લઈ રૂ.૫૦૦ મહિલાઓને આપતી અને બાકીના રૂ.૫૦૦ કમિશન પેટે રાખતી હતી. દરોડા દરમિયાન સ્થળ પરથી ત્રણ ગ્રાહક જયપ્રકાશ રમેશભાઇ યાદવ (ઉ.વ.૨૫, રહે., શોહમ એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ, સુરત, મૂળ RMC ક્વાર્ટર્સ નોદ નગર, કોઠારીયા, રિંગ રોડ, રાજકોટ), અબ્બાસઉદ્દિન ગુલામ અમ્બીયા શેખ (ઉ.વ.૩૭, રહે., પમ્પિંગ ચાર રસ્તાની પાસે, ચાર માળની બિલ્ડિંગમાં, સુરત, મૂળ રોજીપુર કાળીગઢ, ધુનીયાખલી, જિ.હુગલી, પશ્ચિમ બંગાળ) અને નારાયણસિંગ ઉત્તમસિંગ બાગદી (ઉ.વ.૩૩, રહે., વિશાલાવાડી, ભવાની મંદિરની પાસે, મહિધરપુરા, સુરત, મૂળ ગોબર, આરામબાગ, જિ.હુગલી, પશ્ચિમ બંગાળ)ને ઝડપી પાડ્યા હતા. ગ્રાહક જયપ્રકાશે ખુલાસો કર્યો હતો કે 'એઝાજ ખાન' નામના દલાલે મોબાઈલ પર મહિલાઓના ફોટા મોકલી તેને અહીં બોલાવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂ.૧૧,૮૦૦, ૪ મોબાઈલ ફોન, ૧૫ નંગ કોન્ડમ મળી કુલ રૂ.૪૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે સંચાલક રૂપાલીબેન, ૩ ગ્રાહક અને વોન્ટેડ એજન્ટ એઝાજ ખાન વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મુક્ત કરાવાયેલી ૪ મહિલાઓને વધુ પૂછપરછ અર્થે પાલ પોલીસ સ્ટેશને સોંપવામાં આવી છે.

વરાછામાં ચાની હોટલમાંથી થયેલી ચોરીમાં બે કિશોર સહિત ત્રણ ઝડપાયા

સુરત: વરાછા બરોડા પ્રિસ્ટિજ સ્થિત ચાની હોટલમાં શટરનું લોક ખોલી થયેલી રૂ.૯૯,૦૦૦ની ઘરફોડ ચોરીમાં પોલીસે મુખ્ય આરોપી અને બે કિશોરને ઝડપી પાડ્યા છે. મૂળ રાજસ્થાનના અને હાલ વરાછા ભગુનગર પાસે રહેતા ઉદારામ વાગારામ પ્રજાપત બરોડા પ્રિસ્ટિજ પ્રેમગલીમાં 'ચામુંડા ટી સેન્ટર' નામથી ચાની હોટલ ચલાવે છે. ગત તા. ૨૨/૦૭/૨૦૨૬ના રોજ મોડી રાત્રે અજાણ્યા ઈસમો હોટલના શટરનું લોક ખોલી ટેબલમાં રાખેલા રોકડા રૂ. ૯૯,૦૦૦ ચોરીને ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં વરાછા પોલીસે સોનુસિંગ સહદેવસિંગ જાટવ (ઉં.વ.૨૧, રહે., વર્ષા સોસાયટી-૧, ભગુનગર પાસે, માતાવાડી, વરાછા, સુરત, મૂળ ચાટવાડા, તા.રાણીવાડા, જિ.જાલોર, રાજસ્થાન) તથા બે કિશોરને પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી રકમમાંથી રોકડા રૂ. ૩૪,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોટ વિસ્તારમાં જમીન નીચેથી પાણી ફૂટવાની ઘટનામાં વૈજ્ઞાનિક તપાસ જરૂરી

મામલાને ગંભીરતાથી લઈ તાપી નદીના જળસ્તરમાં થતા ફેરફારો અને ગ્રાઉન્ડ વોટર પર તેની અસરનો અભ્યાસ પણ થવો જોઈએ: ડો.પંકજ ગાંધી

સુરત: સુરતના કિલ્લા વિસ્તાર, સોની ફળિયા અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી એક અસામાન્ય પરિસ્થિતિ જોવા મળી રહી છે. વરસાદ ન હોવા છતાં અનેક બેઝમેન્ટ, અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ અને નીચાણવાળા ભાગોમાં જમીન નીચેથી સતત પાણી પ્રવેશી રહ્યું હોવાનું સામે આવ્યું છે. આ ઘટના માત્ર ડ્રેનેજ અથવા લીકેજનો પ્રશ્ન નથી, પરંતુ તે ભૂગર્ભ જળ, તાપી નદીના હાઇડ્રોલિક પ્રભાવ અને શહેરી વિકાસના કારણે થયેલા ભૂગર્ભીય પરિવર્તનો સાથે સંકળાયેલી હોઈ શકે છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

સોની ફળિયા, કોટ વિસ્તાર અને આસપાસનો વિસ્તાર તાપી નદીના પ્રાચીન પૂરપ્રદેશમાં આવેલો હોવાથી અહીંનું ભૂગર્ભ જળ સ્તર સ્વાભાવિક રીતે અન્ય વિસ્તારોની સરખામણીએ ઊંચું રહે છે. જો ભૂગર્ભ જળનું સ્તર બેઝમેન્ટના ફ્લોર લેવલથી ઉપર પહોંચી જાય, તો પાણી હાઇડ્રોસ્ટેટિક દબાણના કારણે ફાઉન્ડેશન, આર.સી.સી.ના સૂક્ષ્મ તિરાડો અથવા કન્સ્ટ્રક્શન જોઈન્ટમાંથી અંદર પ્રવેશી શકે છે. તેથી વરસાદ ન હોવા છતાં સતત પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ શકે છે.

તાપી નદીના જળસ્તરમાં થતા ફેરફારો અને ગ્રાઉન્ડ વોટર પર તેની અસરનો અભ્યાસ પણ થવો જોઈએ. તાપી નદીનું જળસ્તર ઉપરવાસમાંથી પાણી છોડવા, મોટી ભરતી અથવા અન્ય હાઇડ્રોલોજિકલ પરિબળોને કારણે વધઘટ કરતું રહે છે. નદીનું સ્તર વધે ત્યારે તેની સીધી અસર નજીકના ભૂગર્ભ જળ પર પડે છે અને આસપાસના વિસ્તારમાં ગ્રાઉન્ડ વોટર ટેબલ પણ ઊંચું આવે છે.

પરિણામે નદી કાંઠાના બેઝમેન્ટ અને નીચાણવાળા બાંધકામોમાં જમીનની નીચેથી પાણી પ્રવેશવાનું શરૂ થઈ શકે છે, ભલે તે સમયે વરસાદ ન હોય. કિલ્લા વિસ્તાર અને સોની ફળિયા જેવા ઐતિહાસિક વિસ્તારોમાં દાયકાઓ જૂની પાણી પુરવઠાની લાઈનો, ગટરલાઈનો અને વરસાદી પાણીની વ્યવસ્થા કાર્યરત છે.

સમય જતાં તેમાં લીકેજ, તિરાડો અથવા જોડાણોમાં ખામી સર્જાતી હોય છે. આવી સ્થિતિમાં લાંબા ગાળે પાણી જમીનમાં પ્રવેશીને સ્થાનિક ભૂગર્ભ જળ સ્તર વધારવામાં ફાળો આપે છે, જેના કારણે બેઝમેન્ટમાં સતત પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ શકે છે.

હાઇડ્રોજિયોલોજિકલ અભ્યાસો હાથ ધરવા જ એકમાત્ર ઉપાય: ડો. પંકજ ગાંધી

ડો.પંકજ ગાંધી કહે છે કે, આ સમસ્યાનું મૂળ કારણ વૈજ્ઞાનિક રીતે નિર્ધારિત કરવા માટે વિવિધ તકનિકી અને હાઇડ્રોજિયોલોજિકલ અભ્યાસો હાથ ધરવા અત્યંત જરૂરી છે. સૌપ્રથમ અસરગ્રસ્ત વિસ્તારોમાં ભૂગર્ભ જળ સ્તર નિરીક્ષણ કૂવા સ્થાપિત કરીને વર્ષભર ભૂગર્ભ જળના સ્તરમાં થતા ફેરફારોનું સતત મોનિટરિંગ કરવું જોઈએ. પાઈઝોમીટર દ્વારા દબાણયુક્ત ભૂગર્ભ જળનું માપન કરીને પાણી કયા દબાણથી ઉપર આવી રહ્યું છે તેની જાણકારી મેળવવી જરૂરી છે. ઉપરાંત ગ્રાઉન્ડ પેનેટ્રેટિંગ રડાર સરવે દ્વારા જમીનની અંદર રહેલી ખાલી જગ્યાઓ, જૂની રચનાઓ અથવા પાણીના સંભવિત માર્ગો શોધી શકાય છે. ઇલેક્ટ્રિકલ રેઝિસ્ટિવિટી સરવે દ્વારા જમીનની અંદર પાણીના પ્રવાહના માર્ગો, એક્વિફરની સ્થિતિ અને પાણીના સંગ્રહના વિસ્તારોનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરી શકાય છે. બેઝમેન્ટમાં પ્રવેશતા પાણીનું જળ ગુણવત્તા પરીક્ષણ તેમજ આઇસોટોપ વિશ્લેષણ દ્વારા તે પાણી તાપી નદીમાંથી આવી રહ્યું છે, વરસાદી પાણી છે કે પાણી પુરવઠા અથવા ગટર લાઇનના લીકેજનું પરિણામ છે તેની ચોક્કસ ઓળખ કરી શકાય છે. સાથે જ તાપી નદીના જળસ્તર અને ભૂગર્ભ જળ સ્તર વચ્ચેના સંબંધનો હાઇડ્રોલોજિકલ અભ્યાસ કરવો જરૂરી છે, જેથી નદીના વધઘટનો સ્થાનિક ભૂગર્ભ જળ પર કેટલો પ્રભાવ પડે છે તે જાણી શકાય. સમગ્ર વિસ્તારનું GIS આધારિત હાઇડ્રોજિયોલોજિકલ મેપિંગ તૈયાર કરીને ભૂગર્ભ જળના પ્રવાહ, એક્વિફરની રચના અને વિસ્તારોની વૈજ્ઞાનિક ઓળખ કરવી જરૂરી છે.

દેશી તમંચા અને ૩ જીવતા કારતૂસ સાથે યુવક ઝડપાયો

સુરત: પાંડેસરા, પ્રાઈમ પોઈન્ટથી બુડિયા જતા રોડ ઉપર એક ઈસમ પોતાની પાસે દેશી તમંચો લઈને ફરી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે તેની અટક કરી અંગઝડતી લેતાં તેની પાસેથી રૂ. ૧૦,૦૦૦ની કિંમતનો ૧ દેશી હાથ બનાવટનો તમંચો,૩ જીવતા કારતૂસ મળી કુલ રૂ. ૧૫,૩૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આરોપી રણજીત ઉર્ફે છોટુ શિવનાથ સરજુ શાહુ (ઉ.વ. ૨૦, રહે, સાઈમોહન સોસાયટી, વિભાગ-૩, વડોદગામ, પાંડેસરા, મૂળ બિહાર) આ હથિયાર મહિના અગાઉ વતન બિહારના જૂના ખંડેર મકાનમાંથી તમંચો, કારતૂસ મળી આવ્યા હતા. તે શોખ ખાતર સુરત લઈ આવ્યો હતો.

સોશિયલ મીડિયામાં બદનામ કરવાનો પ્રયાસ, ઈઝાવા સામે કડીવાળાની ફરિયાદ

RTI એક્ટિવિસ્ટ સંજય ઇઝાવાએ સોશિયલ મીડિયામાં ખોટી માહિતી પ્રસિદ્ધ કરી, ફેસબુક-યુટ્યુબ પર નામ જોડીને બદનામ કરવાનો આરોપ

સુરત: નવી સિવિલ હોસ્પિ.માંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા આસિ. નર્સિંગ સુપરી. ઈકબાલ કડીવાલાને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનો સંજય ઈઝાવાએ પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ ખટોદરા પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ સંજય ઈઝાવાએ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ ચેનલ કાયદા કથા પર અશ્લીલ વિડીયો પોસ્ટ કરી તેમાં ઈકબાલ કડીવાલાનું નામ જોડી તેમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. ખાસ કરીને એક એમ્બ્યુલન્સમાં થયેલી અશ્લીલ હરકતોના વિડીયોને લઈ કડીવાલાને સંડોવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જ્યારે આ ઘટનાથી તેમનો કોઈ સંબંધ નહીં હોવાનું ફરિયાદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, તા.25 જૂનના રોજ એક પ્રેસ કોન્ફરન્સ યોજી સંજય ઈઝાવાએ મીડિયા સમક્ષ પણ કડીવાલા વિરુદ્ધ ખોટા આક્ષેપો રજૂ કર્યા હતા. આ કોન્ફરન્સના વિડીયો અને લખાણો સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેમને "સેક્સ્યુઅલ હેરેસમેન્ટ" અને "ભ્રષ્ટાચાર" જેવા ગંભીર આરોપો સાથે જાહેરમાં બદનામ કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

કડીવાલાના જણાવ્યાનુસાર તેમના વિરુદ્ધ અગાઉ થયેલી તમામ ફરિયાદોની સત્તાધિકારીઓ દ્વારા તપાસ થઈ ચૂકી છે અને કોઈ પુરાવા ન મળતાં કેસો દફ્તરે કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવેલી કેટલીક ઓડિયો ક્લિપ્સમાં તેમનો અવાજ હોવાનું બતાવવામાં આવ્યું છે, જ્યારે આ ઓડિયો સાથે તેમનો કોઈ સંબંધ નથી. તેમ છતાં ષડયંત્ર રચાયું છે.

અલુણા-જયાપાર્વતી વ્રતનો પ્રારંભ

- જયા પાર્વતી વ્રત એ ભગવાન શિવ અને માતા પાર્વતીની આરાધનાનું પવિત્ર વ્રત છે, જે મુખ્યત્વે કુંવારી કન્યાઓ અને સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. આજે સુરત શહેરમાં વિવિધ મંદિરોમાં કુંવારી કન્યાઓએ શંકર ભગવાન અને માં પાર્વતીની પૂજા અર્ચના કરી હતી. વ્રતના પ્રારંભે માટી કે વાંસની નાની ટોપલીમાં ઘઉં કે જુવારના જવારા વાવવામાં આવે છે અને પાંચ દિવસ સુધી રોજ તેનું પૂજન થાય છે. આ વ્રતના દિવસો દરમિયાન ભોજનમાં મીઠું વગરનો ખોરાક અથવા એક ટાણું ફળાહાર કરવામાં આવે છે. તેમજ વ્રતના પાંચમા દિવસે રાત્રે જાગરણ કરી શિવજીના ભજન-કીર્તન કરવામાં આવે છે અને છઠ્ઠા દિવસે પારણાં થાય છે. **(તસવીર: સતીષ જાદવ)**

મોતિયાની સર્જરીમાં લેન્સની રકમ કાપી લેનાર વીમા કંપનીને કોર્ટની લપડાક

ગ્રાહકે વીમા ફરિયાદ નિવારણ લોકપાલમાં ફરિયાદ કરી હતી, રકમ ચૂકવવા હુકમ

સુરત: આંખના મોતિયાની સર્જરીના બિલમાથી લેન્સના ૧.૭૦ લાખ કાપી લેનાર વીમા કંપનીને રકમ આપવી પડશે. ગાંધીધામના રોહિત શાહે એડવોકેટ અર્પિત શુક્લ દ્વારા ઇન્સ્યુરન્સ ઓમ્બુમેન (વીમા ફરિયાદ નિવારણ લોકપાલ)માં ફરિયાદ કરી હતી. ફરિયાદીએ મુંબઇ સ્થિત આંખની હોસ્પિટલ ખાતે બંને આંખના મોતિયાની સર્જરી કરાવી હતી, બિલ પેટે ૨,૪૫,૪૭૪ના ક્લેમમાંથી વીમા કંપનીએ માત્ર ૭૫,૪૭૪નો દાવો સ્વીકાર્યો હતો અને લેન્સનું બિલ નથીના બહાના હેઠળ લેન્સની કિંમત પેટેના ૧,૭૦,૦૦૦ કાપી લીધા હતા. જેથી ગ્રાહકે ઇન્સ્યુરન્સ ઓમ્બુમેનમાં ઘા નાંખી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ ઇન્સ્યોરન્સ ઓમ્બુમેને ફરિયાદીનો દાવો મંજૂર કર્યો હતો.

20 લાખ સુધીના દાવા સંબંધિત ફરિયાદો માટે ઓમ્બુડ્સમેન સમક્ષ જઈ શકાય

વીમા ક્ષેત્રમાં વીમા કંપની અને ગ્રાહકો વચ્ચે ઊભા થતાં વિવાદોના ઝડપી અને સરળ નિરાકરણ માટે 'ઇન્શ્યોરન્સ ઓમ્બુડ્સમેન' (Insurance Ombudsman)ની વ્યવસ્થા કાર્યરત છે. વીમા પોલિસી સંબંધિત દાવા, ક્લેમની ચૂકવણી, પોલિસીની શરતો અથવા અન્ય સેવાઓ અંગે વીમા કંપની અને ગ્રાહક વચ્ચે વિવાદ ઊભો થાય ત્યારે, ચોક્કસ શરતોને આધીન રહીને ગ્રાહક કોર્ટમાં સીધા ગયા વિના ઓમ્બુડ્સમેન સમક્ષ ફરિયાદ રજૂ કરી શકે છે. 20 લાખ સુધીના દાવા સંબંધિત ફરિયાદો માટે ઓમ્બુડ્સમેન સમક્ષ કાર્યવાહી થઈ શકે છે. જ્યારે 20 લાખથી વધુ રકમના દાવા માટે લાગુ પડતી કાનૂની જોગવાઈઓ અનુસાર ગ્રાહક કમિશન અથવા સિવિલ કોર્ટનો આશરો લેવો પડે છે.

ટામેટાં માટે ઊંઘમાં ખલેલ પાડનારને ઠપકા બાબતે હત્યામાં આજીવન કેદ

જાન્યુઆરી-2024માં લસકાણા દ્વારકાધીશ સોસાયટીમાં ઘટના બની હતી

સુરત: લસકાણા દ્વારકાધીશ સોસાયટીમાં જાન્યુઆરી 2024માં થયેલા હત્યા કેસમાં એડિશનલ સેશન્સ કોર્ટે આરોપી કાલુચરણ ઉર્ફે કાળુ સંતોષ ગુરૂ (ઉંમર 26 વર્ષ)ને હત્યાના ગુનામાં દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.આ બનાવની ફરિયાદ સરથાણા પોલીસ સ્ટેશને મૃતક બિધ્યાધર પાંડબ શ્યામલનાં સાળા વસંતકુમાર ઉલ્લા બિસ્વાલએ નોંધાવી હતી. આરોપીએ તા.૨૫-૦૧-૨૦૨૪ના બપોરના રૂમ પર જમવાનુ બનાવતા હતા તે વખતે ટામેટાની જરૂર પડતા નિરંજન ગૌરવ સાહુના રૂમ પર ટામેટા લેવાં જતાં જોરજોરથી દરવાજો ખખડાવ્યો હતો. તે વખતે નિરંજને ટામેટાં આપી દીધા હતા. ત્યારબાદ આ બાબતે નિરંજને મૃતક બિધ્યાધરને કહેતાં આરોપીનાં રૂમ પર ગયાં હતાં જ્યાં ઝઘડો થતાં આરોપીએ બિધ્યાધરને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી અધિક સત્ર ન્યાયાધીશ ભાવેશ કે. અવાશિયાની કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દીપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૩૧-૦૭-૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૪-૦૮-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી., કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૦-૦૮-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

અ. નં	યોજનાનું નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજિત રકમ	કોન્ટ્રાકટર ની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	નામદાર સરકારશ્રીની ૧૫મુ નાણાંપંચ ૨૦૨૫-૨૬ (અનટાઈડ) (પ્રથમ હપ્તો)	વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ પેવરબ્લોક નાખવાની કામગીરી.	રૂા. ૩૩,૯૨,૬૮૮/- + ૧૮% GST	"E-1" અને ઉપરના	રૂા. ૧,૭૭૦/- અને રૂા.૪૦,૦૩૫/-
૨		વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નંબર : ૦૨ માં સરકારી સંઘવી ડો. નિરવ હોસ્પિટલ અને ભરમદેવ મંદિરથી ભુતપૂર્વ ગટર સુધી વરસાદી પાણીની ગટર નાખવાની કામગીરી	રૂા. ૯,૩૮,૩૧૪/- + ૧૮% GST	"E-2" અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા. ૧૧,૦૭૩/-
૩		વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નંબર : ૦૩ માં ને.હા.૪૮ ગીરીરાજ હોટેલથી અલામા ઝોન ઓફિસ થઈ કોશીય ફળિયાથી વાલીયા ફળિયા ટાંકીથી હિન્દી સ્કુલથી ખેરગામ રોડને જોડતો રોડ મોગરાવાડી વિસ્તારના રોડને લાગુ યુ.ટી.લી.ટી. શિફ્ટીંગ કરવાની કામગીરી.	રૂા.૩૨,૦૬,૯૭૦/- + ૧૮% GST	"E-1" અને ઉપરના	રૂા. ૧૭૭૦/- અને રૂા.૩૭,૮૪૩/-
૪		વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ વરસાદી પાણીની પાઇપ ગટર નાખવાની કામગીરી	રૂા. ૧૭,૨૦,૪૦૪/- + ૧૮% GST	"E-1' અને ઉપરના	રૂા. ૧,૭૭૦/- અને રૂા.૨૦,૩૦૬/-

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૨૮૦/૨૦૨૬

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૩૧-૦૭- ૨૦૨૬થી જોવા મળશે. અને ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૪-૦૮-૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી.,કૂરિયર તેમજ રૂબરૂ થી મોકલવાની છેલ્લી તા.૧૯-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૨૦-૦૮-૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાને રહેશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

અ .નં	યોજનાનું નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજિત રકમ	કોન્ટ્રાક્ટર ની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	નામદાર સરકારશ્રીની વ્યવસાયવેરા યોજના ૨૦૨૫-૨૬	વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ સ્થળોએ પેવરબ્લોક નાખવાની કામગીરી.	રૂા.૪૬,૬૬,૪૬૩/- + ૧૮% GST	" E-1 " અને ઉપરના	રૂા. ૧,૭૭૦/- અને રૂા.૫૮,૬૦૪/-
૨		વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૦૧ માં રામજી મંદિરથી નાનીમાતા મંદિરથી રાખોડિયા તળાવ રોડ ઉપર વરસાદી પાણીની ગટર બનાવવાની કામગીરી.	રૂા.૧૦,૮૨,૫૧૧/- + ૧૮% GST	" E-2 " અને ઉપરના	રૂા.૧,૦૬૨/- અને રૂા.૧૨,૭૭૪/-
૩		વલસાડ નગરપાલિકા હદ વોર્ડ નં ૧૦ માં છોટુભાઈ પાર્ક ગેટ મણિબાગ બંગલો નં.૯૭ થી ગાર્ડન થી ૧૪૪ ની ગળી પાસે ડામર રોડ બનાવવાની કામગીરી	રૂા.૧૪,૫૭,૬૭૨/- + ૧૮% GST	" E-2 " અને ઉપરના	રૂા.૧,૦૬૨/- અને રૂા.૧૭,૨૦૦/-
૪		વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૦૫ માં ખાતે વાવડી એરિયામાં ટ્રીમીક્ષ રોડ બનાવવાની કામગીરી.	રૂા.૯,૩૭,૦૩૭/- + ૧૮% GST	" E-2 " અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા.૧૧,૦૫૭/-
૫		હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં ૧ થી ૧૧ ના ખાતેના વિવિધ વિસ્તારોમાં LED સ્ટ્રીટ લાઇટ પોલ સહિતની સુવિધા આપવાની કામગીરી.	રૂા.૧૭,૪૫,૩૫૫/- + ૧૮% GST	" E-1 " અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા.૨૦,૫૯૫/-

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૨૭૮/૨૦૨૬

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

અખંડ આનંદ કો– ઓ. બેંક લિ.

વહીવટી કચેરી : બીજો અને ત્રીજો માળ, મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી રોડ, કતારગામ, સુરત–૪ ફોન : ૨૪૮૨૨૩૦, ૨૪૮૨૨૩૨ મો : ૯૮૯૮૫ ૭૮૦૭૨

ડિમાન્ડ નોટીસ

સંદર્ભ : નાણાંકીય સંપત્તિ અને અમલીકરણની સુરક્ષા અને પૂનર્નિર્માણની કલમ ૧૩(૨) હેઠળ સૂચના સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨.

પ્રિય સર/મેડમ,

અધિકૃત અધિકારીએ સરફેસી